# ભાવનગર મહાનગરપાલિકા
# ભાવનગર

## લોકલ ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ઝન પ્રોજેકટ

સોલીડ વેસ્ટ મેનજમેન્ટ રૂલ્સ ૨૦૦૦ ના અમલીકરણનાં ભાગ રૂપે ધનકચરાને લેન્ડફીલ સાઈટ પર સીધોજ નિકાલ કરવાને બદલે તેમાંના ઓરગેનીક મટીરીયલને પુનઃઉપયોગી બનાવવા અર્થે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મે.એકસલ ઈન્ડસ્ટ્રીઝનાં સહયોગથી પ્રથમ તબકકે શહેરની મુખ્ય વેજીટેબલ માર્કેટમાંથી મોટા પ્રમાણમાં ઉત્પન્ન થતા ઓર્ગેનીક વેસ્ટમાંથી કમ્પોસ્ટ બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલછે.

આ માટે મે.એકસલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા મહાનગરપાલિકાને એક ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીન તથા આનુષંગીક મશીનરી આપવામાં આવેલ છે.જેની ક્ષમતા ૫ (પાંચ) ટન/૮(આઠ) કલાકની શીફટની છે. આ માટે જરૂરી જગ્યા, શેડ વિગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર મહાનગરપાલિકા દ્વારા ઉભુ કરવામાં આવેલ આ માટે શહેરના ગંગાજળીયા તળાવમાં માર્કેટ પાસેની જગ્યા નિશ્ચિત કરવામાં આવેલ છે. ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીન જેની કિમંત રૂા. ૧૨.૭૫ લાખ છે તેમજ તે માટેનાં શેડની અંદાજીત કિમંત ૧૮ લાખ રૂપિયા સહિત કુલ રૂા. ૩૦ લાખનાં ખર્ચથી આ યોજના કાર્યરત છે.

આમ થવાથી હાલ સુધી માર્કેટમાંથી નિકળતા ઓર્ગેનીક વેસ્ટ જેને લેન્ડ ફીલ સાઈટ પર ડિસ્પોઝ કરવામાં આવતો હતો તેના બદલે સ્થળ પરજ એકત્રીત કરી ઉપરોકત મશીનરી દ્વારા **કમ્પોસ્ટ ખાતર** બનાવવામાં આવે છે. આ ખાતરનાં વેચાણમાંથી આ કાર્યવાહીનો નિભાવ ખર્ચ નિકળે છે. અને લોકોમાં આ પ્રક્રિયાનાં નિર્દશન દ્વારા પર્યાવરણ સુધારાલક્ષી અભિગમમાં વધારો થયેલ છે.

ઉપરોકત મશીનથી ઉત્પન્ન થતુ ખાતર ઉચ્ચ ગુણવતાનું ઓર્ગેનીક ખાતર ખેતી તથા બગીચાના વપરાશ માટે ઉપયોગી થાય છે. તે ખાસ નોંધનીય બાબત છે.આ પ્લાન્ટ કરવાથી નીચે મુજબના મુખ્ય ફાયદાઓ થાય છે.

- ✓ કચરાની દુર્ગન્ધ દુર થાય
- ✓ માખી, મચ્છર તથા જીવાંતનો ઉપદ્વવ દુર થાય
- ✓ પશુ પક્ષીનો ઉપદ્વવ દુર થાય
- ✓ બિન આરોગ્યપ્રદ વાતાવરણ દુર થાય
- ✓ કચરાના નિકાલ માટે દુર સુધી લઈ જવાના વાહનનો વપરાશ ઘટે
- ✓ રોગચાળો ફેલાય નહી

**મુખ્ય ઓર્ગેનીક કચરાના સ્ત્રોત**

- ➢ ફળોનો કચરો
- ➢ પશુઓનો કચરો
- ➢ બગીચાનો કચરો
- ➢ મંદિરના તથા તળાવમાં પધરાવેલ ફુલનો કચરો
- ➢ શાક માર્કેટ તથા ફ્રુટ માર્કેટનો કચરો
- ➢ હોટલ ,રેસ્ટોરેન્ટ, ડાઈનીંગ હોલનો કચરો

# INNOVATIVE  PRACTICE

# ORGANIC WASTE CONVERTER




BHAVNAGAR MUNICIPAL CORPORATION

BHAVNAGAR